For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

દાદા ભગવાનની ૧૧૭મી જન્મ જયંતીની ઉજવણીમાં સહભાગી થતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

# દરેક સંપ્રદાય એક જ અંતિમ સત્યની વાત કરે છે તે છે આત્મજ્ઞાન : મુખ્યમંત્રી

**જન્મ જયંતીએ પોસ્ટ વિભાગ દ્વારા બહાર પડાયેલી ખાસ સ્મરણિકા ટપાલ ટિકિટનું મુખ્યમંત્રી અને આત્મજ્ઞાની દીપકભાઇના હસ્તે વિમોચન**

દાદા ભગવાનના વાણી અને વ્યવહાર થકી આજની પેઢીઓ સમસ્યાઓ, પ્રદૂષણ અને પડકાર સાથે કેવી રીતે જીવવું તે પ્રાપ્ત થઈ રહ્યું છે

અક્રમ વિજ્ઞાન થકી દેશવિદેશમાં અનેક લોકો કર્મમુક્ત જીવન જીવવાનો માર્ગ અપનાવી મોક્ષ માર્ગે આગળ વધી રહ્યા છે

જ્ઞાન વિધિ પ્રાપ્ત થયાં બાદ બીજામાં દોષ જોવા કરતાં પોતાના દોષ શોધીને પોતાનામાં સુધારો લાવવાની પદ્ધતિ જીવનમાં કેળવાશે






(પ્રતિનિધિ) વડોદરા તા.10

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વડોદરા ખાતે આયોજિત દાદા ભગવાનની ૧૧૭મી જન્મ જયંતીની ઉજવણીમાં સહભાગી બન્યા હતા. મુખ્યમંત્રી અને આત્મજ્ઞાની દીપકભાઈએ ભારત સરકારના ડાક વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી દાદા ભગવાનની સ્મરણિકા ટપાલ ટિકિટનું વિમોચન પણ કર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના મનનીય પ્રવચનમાં જણાવ્યું કે, દરેક સંપ્રદાય એક જ અંતિમ સત્યની વાત કરે છે તે છે આત્મજ્ઞાન. આત્મજ્ઞાન મેળવવાના અનેક માર્ગ છે. અન્ય સંપ્રદાય તબક્કાવાર જ્ઞાન પર ભાર મૂકે છે પરંતુ પૂ. દાદા ભગવાને આપેલ જ્ઞાન કર્મ કે તબક્કા વગર સીધુ જ આત્મજ્ઞાન પહોંચાડે છે. પૂ. દાદા ભગવાનના વાણી અને વ્યવહાર થકી આજની પેઢીઓ સમસ્યાઓ, પ્રદૂષણ અને પડકાર સાથે કેવી રીતે જીવવું તે પ્રાપ્ત થઈ રહ્યું છે.

દાદા ભગવાનની જીવનવીથિકાનો ટૂંકો પરિચય આપતા મુખ્યમંત્રીએ કહ્યું કે, તેમને સુરતના રેલ્વે સ્ટેશનમાં આત્મજ્ઞાની પ્રાપ્તી થઈ હતી અને અક્રમ વિજ્ઞાન પ્રાપ્ત થયું હતું. આ અક્રમ વિજ્ઞાન થકી દેશવિદેશમાં અનેક લોકો કર્મમુક્ત જીવન જીવવાનો માર્ગ અપનાવી મોક્ષ માર્ગે આગળ વધી રહ્યા છે. સાધુ, સાદુ અને સરળ જીવન થકી મુક્તિનો માર્ગ દાદા ભગવાને પ્રશસ્ત કર્યો છે.

પૂજ્ય દાદા ભગવાનની કર્મભૂમિ અને જેમના જીવવાનો અંતિમ સમય પણ વડોદરામાં વિતાવ્યો છે. વડોદરાની મામાની પોળ દાદા ભગવાનના ઋણાનુબંધની ભૂમિ છે. તેમના વારસા અને જ્ઞાન પ્રકાશ થકી આજે વડોદરાના નવલખી મેદાનમાં જોવા જેવી દુનિયાનું નિર્માણ થયું છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકાસ ભી ઓર વિરાસત ભીના સંકલ્પ સૂત્ર હેઠળ પૂજ્ય દાદા ભગવાનના છબીવાળા પોસ્ટલ સ્ટેમ્પનું વિમોચન કરવામાં આવ્યું છે. પૂ. દાદા ભગવાનની ૧૧૭મી જન્મ જયંતીની ઉજવણી અને આજે જ પોસ્ટલ સ્ટેમ્પનું વિમોચન થવાથી સોનામાં સુગંધ ભળી છે.

ઉપસ્થિત સર્વ જ્ઞાન મુમુક્ષોને જ્ઞાન વિધિનો અચૂક લાભ લેવા માટે નમ્ર અપીલ કરતા જણાવ્યું કે જ્ઞાન વિધિ પ્રાપ્ત થયાં બાદ બીજામાં દોષ જોવા કરતાં પોતાના દોષ શોધીને પોતાનામાં સુધારો લાવવાની પદ્ધતિ જીવનમાં કેળવાશે.

આ સાથે 'મારો જ્ઞાન દિવસ છે' તેમ કહીને તેમના મોક્ષ માર્ગમાં કોઈ વિઘ્ન ન આવે તે માટે ઉપસ્થિત સૌ મહાત્માઓને પ્રાર્થના કરવા માટે જણાવ્યું હતુ.

આ કાર્યક્રમમાં પૂજ્ય દીપક ભાઈ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય સંચાર મંત્રાલયના પ્રતિનિધિ તથા વડોદરા પોસ્ટલ માસ્ટર જનરલ દિનેશ શર્માના હસ્તે પોસ્ટલ સ્ટેમ્પનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી અને મહાનુભાવો આરતી ઉતારી આશકા લીધી હતી. બાદમાં પ્રસ્તુત કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમો રસપૂર્વક નીહાળ્યા હતા.

આ કાર્યક્રમમાં મેયર પિન્કીબેન સોની, સાંસદ ડૉ. હેમાંગ જોષી, મુખ્ય દંડક બાળકૃષ્ણ શુકલ, ભાજપ શહેર અધ્યક્ષ વિજયભાઈ શાહ, ધારાસભ્ય કેયુરભાઈ રોકડિયા, મનીષાબેન વકીલ, યોગેશભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ડૉ. શીતલ મિસ્ત્રી, પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર, જિલ્લા કલેકટર બી. એ. શાહ, જનપ્રતિનિધિઓ, હજારોની સંખ્યામાં ધર્મપ્રેમીઓ અને દર્શનાર્થીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

ગુજરાતની 8 મહાનગરપાલિકામાં મેયરની ચૂંટણી માટેનુ રોસ્ટર શિડ્યુલ જાહેર

# પ્રથમ અઢી વર્ષ માટે અનુસૂચિત જાતિના અને ત્યારબાદ પછાત જાતિના મહિલા મેયર બનશે

(પ્રતિનિધિ) વડોદરા તા.10

ગુજરાતના 8 મહાનગરો જેવા કે વડોદરા, ગાંધીનગર, અમદાવાદ, ભાવનગર, જામનગર, રાજકોટ, અને સુરત માટે 2026માં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી લડશે. આ શહેરોમાં છેલ્લી ચૂંટણી 2021માં થઈ હતી.

ગુજરાતની 8 મહાનગર પાલિકાના મેયરોની ચૂંટણી માટેનું રોસ્ટર શિડયુઅલ જાહેર કરાયું છે. આ સાથે નોટિફિકેશન પ્રમાણે તે તમામ 8 મનપાના મેયરો માટે કેટલી ટર્મ રાખવામાં આવી છે તે અંગે પણ માહિતી આપવામાં આવી છે.

જો મુખ્ય મહાનગર પાલિકા ઓ ની વાત કરીએ તો વડોદરા માટે અનુસૂચિત જાતિ અને મહિલા અઢી અઢી વર્ષ ની ટર્મમાં ચૂંટાશે.

મળતી માહિતી મુજબ અમદાવાદમાં આગામી મેયર પ્રથમ અઢી વર્ષ માટે પછાત વર્ગમાંથી અને બીજા અઢી વર્ષમાં મહિલાને મળશે તેવી જ રીતે સુરતમાં આગામી પાંચ વર્ષની ટર્મમાં મહિલા અને જનરલ કેટેગરીના મેયર મળશે.

અન્ય શહેરો માટે જેમ કે રાજકોટ - જનરલ કેટેગરી અને વુમન (શ્યુલ કાસ્ટ) ભાવનગર - વુમન એન્ડ જનરલ, જામનગર - વુમન એન્ડ જનરલ, જૂનાગઢ - જનરલ એન્ડ વુમન (બેકવર્ડ ક્લાસ) ગાંધીનગર - બેકવર્ડ ક્લાસ અને વુમન મેયર અઢી વર્ષની મુદત માટે દરેક મહાનગરપાલિકાઓમાં 27% અનામતને ધ્યાનમાં રાખી મેયર માટે રોટેશન જાહેર કરવામાં આવ્યું.

ભારે જહેમત બાદ ડ્રાઈવરને ટ્રકના કેબીનમાંથી સલામત બહાર કાઢવામાં આવ્યો

# અમદાવાદ- મુંબઈ નેશનલ હાઈવે પર એક પાછળ બીજી ટ્રક ઘુસી, પાંચ કિમી ટ્રાફિક જામ

**ટ્રાફિક** પોલીસ હાજર ન હોવાથી ભારે ટ્રાફિક્જામ જોવા મળી



(પ્રતિનિધિ) વડોદરા તા.10

રાજ્યમાં અકસ્માતોનું પ્રમાણ દિવસે અને દિવસે વધી રહ્યું છે અને આ અકસ્માતોને લઈને મૃત્યુ પામનાર લોકોની સંખ્યા પણ વધી રહી છે. તો ક્યારેક અકસ્માતોને કારણે લાંબો ટ્રાફિક જામ થઈ જતો હોય છે. ત્યારે વધુ એક અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે (NH) પર વહેલી સવારે બે ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં અમદાવાદ તરફથી સુરત તરફ જતી એક ટ્રકનું ટાયર ફાટ્યું હતું. તે દરમિયાન અચાનક પાછળથી આવી રહેલી ટ્રક આગળની ટ્રકમાં ઘૂસી ગઈ હતી, જેમાં ટ્રક ડ્રાઈવર ફસાયો હતો. ભારે જહેમત બાદ ડ્રાઈવરને રેસ્ક્યૂ કરી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માતના પગલે આ રોડ પર 5 કિલોમીટર સુધી ટ્રાફિકજામ થયો હતો.

વડોદરામાં કપુરાઈ ચોકડીથી તરસાલી બ્રિજ તરફ જતાં હાઈવે પર લીગાર્ડ હોટલ પાસે અકસ્માતનો બનાવ બન્યો હતો. જેમાં એક ટ્રક અગાઉથી જ ત્યાં ઉભી હતી અને પાછળથી એક ટ્રક આવીને ત્યાં અચાનક જ ધડાકાભેર અથડાઈ હતી. જેમાં ટ્રક ડ્રાઈવર ફસાયો હતો. બનાવ સ્થળે અમે ફાયર અકસ્માત રેસ્ક્યૂ કિટ અને એક એમ્બ્યુલન્સ લઈ ત્યાં પહોંચ્યા હતા. અને ફસાયેલા ડ્રાઈવરનું અઢી કલાકની ભારે જહેમત બાદ રેસ્ક્યૂ કરીને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત રેસ્ક્યૂ કિટ જેમાં પેડર કટર, રેમજેક, હાઈડ્રોલિક પાવર પેક સહિતનાં સાધનો લઈ અઢી કલાક સુધી ભારે મહેનત કરી હતી. આ બંને ગાડીઓ લોડેડ હતી. આ અકસ્માતને લઈ પાણીગેટ ફાયર વિભાગની ટીમ અને કપુરાઈ પોલીસ મથકની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી રેસ્ક્યૂની કામગીરી કરી હતી.

મહત્ત્વની બાબત છે કે, આ અમદાવાદ મુંબઈ નેશનલ-હાઈવે હોવાના કારણે અહીંયાંથી દિવસભર લાખો વાહનો પસાર થતાં હોય છે. ત્યારે આવા અકસ્માતના કારણે અવાર-નવાર ભારે ટ્રાફિકજામ સર્જાતો હોય છે. ત્યારે આ અકસ્માતના પગલે પાંચ કિલોમીટર જેટલો ભારે ટ્રાફિકજામ જોવા મળ્યો હતો, જેની અસર વાઘોડિયા ચોકડી સુધી વર્તાઈ હતી. આ અંગેની કાર્યવાહી ટ્રાફિક પોલીસે કરવાની હોય છે, પરંતુ ક્યાંય પણ ટ્રાફિક પોલીસ જોવા મળી ન હોતી જેના કારણે ભારે ટ્રાફિકજામ જોવા મળી રહ્યો છે.

ખોટા સર્ટિ મેળવી સરકારી નોકરી મેળવનાર સામે કાર્યવાહી કરવા માગ

# પૂર્વ ચીફ ફાયર ઓફિસર પાર્થ બ્રહ્મભટ્ટ સામે એડવોકેટ દ્વારા વધુ એક ફરિયાદ

**12 વર્ષથી** લાખો રૂપિયાનો પગાર લઈ સરકાર સાથે છેતરપિંડી કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.10

ખોટા સર્ટિફિકેટ મેળવી 12 વર્ષથી લાખો રૂપિયાનો પગાર લઈ સરકાર



સાથે છેતરપિંડી કરનાર પૂર્વ ફાયર ઓફિસર પાર્થ બ્રહ્મભટ્ટ વિરુદ્ધ શહેરની મહિલા ધારાશાસ્ત્રી દિપીકા મોહનલાલ મેઘવાણી નવાપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી.

ફરીયાદી એડવોકેટ અને જાગૃત નાગરીકે દાખલ કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, વડોદરા શહેરમાં આવેલ મહાનગર પાલીકાની કચેરીમાં આરોપી પાર્થ બ્રહ્મભટ્ટ તેઓની હુકમ અંક : ૪૬૭/તા.૨૧/૦૭/૧૦૧૨ અન્વયે સ્ટેશન ઓફિસરના હોદ્દા પર અગ્નિશમન અને તાત્કાલીક સેવા ફાયર સેફટી વિભાગમાં નિયુકિત કરવામાં આવેલ, ત્યારબાદ તેઓની હુકમ અંક : ૨૩૮/તા.૧૭/૧૦/૨૦૧૯ અન્વયે ડે. ચીફ ફાયર ઓફીસર તરીકે નિયુકિત કરવામાં આવેલ અને ત્યારબાદ ચીફ ફાયર ઓફિસર તરીકે નિયુકિત થયેલ જે હાલ સસ્પેન્ડ છે અને આ કામના આરોપી જે વડોદરા મહાનગર પાલીકાના અગ્નિશમન અને તાત્કાલીક સેવા ફાયર સેફટી વિભાગમાં ચીફ ફાયર ઓફિસર તરીકે ફરજ બજાવે છે જેથી અમો વકીલ હોવાથી અમો કામ અર્થે જતા હોય અને આ કામના આરોપીને નામથી ઓળખીએ છીએ.

આ અગાઉ વડોદરા શહેર ફાયર બ્રિગેડમાં હંગામી ચીફ ફાયર ઓફિસરનો હોદ્દો ધરાવતાં પાર્થ બ્રહ્મભટ્ટે બોગસ સ્પોન્સરશીપના આધારે નોકરી મેળવી લીધી હોવાની તપાસ કરતા એવી હકીકત બહાર આવી હતી કે, પાર્થ બ્રહ્મભટ્ટે કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત નાગપુર નેશનલ ફાયર સર્વીસ કોલેજમાં એડમિશન લેવા સૂરતની ખાનગી કંપનીનો સ્પોન્સરશીપ લેટર મુક્યો હતો. જેના આધારે પાર્થને એડમિશન પણ મળી ગયું હતું, પરંતુ આવી કોઈ કંપની તંત્રના ચોપડે નોંધાયેલી ન હોવાનો ભાંડાફોડ થયો છે. હદ્દ તો એ છે કે, કોલેજના સર્ટીના આધારે જુલાઈ-૨૦૧૨ ના રોજ વડોદરા મહાનગર પાલિકાએ સહાયક સ્ટેશન ઓફિસર તરીકે પાર્થ બ્રહ્મભટ્ટની સીધી ભરતી પણ કરી દીધી હતી. જેમાં સ્પોન્સરશીપ લેટરની કોઈજ તપાસ કરાઈ ન હતી.

# મિલકત સંબંધીત બનાવો અટકાવવા બાપોદ પોલીસનું જનરલ કોમ્બિંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

વડોદરા શહેરના પૂર્વ વિસ્તાર અને દક્ષિણ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી તસ્કરોનો આતંક સામે આવ્યો હતો રાત્રિ દરમિયાન બુકાની ધારીઓ સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. લોકોમાં પણ ભયનો માહોલ ફેલાયો હતો. ત્યારે હાલ દિવાળી વેકેશનના માહોલ વચ્ચે નગરજનો બહાર પ્રવાસ સ્થળ હોય સહ પરીવાર વિઝિટમાં ફરવા માટે જતા હોય છે. આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમ જ શહેરમાં મિલકત સંબંધીત બનાવો અટકાવી શકાય તે માટે સંયુક્ત પોલીસ કમિશનરના માર્ગદર્શન હેઠળ વડોદરા શહેરના બાપોદ પોલીસ સ્ટેશનના એકતાનગર પોલીસ ચોકી વિસ્તારમાં જનરલ કોમ્બિંગ રાખવામાં આવ્યું હતું. જેમાં સંયુક્ત પોલીસ કમિશનર તથા પોલીસ કમિશનર ઝોન ચાર મદદનીશ પોલીસ કમિશનર જી ડિવિઝન મદદનીશ પોલીસ કમિશનર સાયબર ક્રાઈમ



પોલીસ ઈન્સ્પેક્ટર તથા બાપોદ કુંભારવાડા ભારતીય પોલીસ સ્ટેશનના અધિકારીઓ કર્મચારીઓ દ્વારા અલગ અલગ આઠ જેટલી ટીમો બનાવી એકતાનગર પોલીસ ચોકી વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ કરીને જનરલ કોમ્બિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ચેકીંગમાં હિસ્ટ્રીસિટર -12, એમસીઆર -29, શકમંદ ઈસમો -13, માથાભારે ઈસમો - 2, કોમી માનસ ધરાવતા ઈસમો - 2 ,વાહનો ચેક -17, તડીપાર ઈસમ ચેક -1, જીપીએમ એક્ટ કલમ 135 મુજબ ગુના-2 તપાસની કોમ્બિંગ દરમિયાન કાર્યવાહી કરવામાં આવી હતી.

અમદાવાદના પોલીસ કમિશનરે સોંપેલી તપાસમાં હેડ કોન્સ્ટેબલ કસૂરવાર

# વડોદરાના દપંતી પાસેથી રોકડા અને ડોલર પડાવનાર અમદાવાદનો હેડ કોન્સ્ટેબલ સસ્પેન્ડ

**રામોલ** એક્સપ્રેસ વે પર દંપતીની ગાડીનું ચેકિંગ કરી વિદેશી શરાબની બોટલ મળી આવતા કાર્યવાહી કરવાની ધમકી આપી હતી

**વિયેતનામથી** દંપતી અમદાવાદ એરપોર્ટ ખાતે ઉતર્યું, 12000 રોકડ અને 400 અમેરિકન ડોલર પડાવી લીધા




(પ્રતિનિધિ) વડોદરા,તા.10

વડોદરા શહેરનું એક દંપતી ગત તારીખ 5 નવેમ્બરના રોજ વિયેતનામથી અમદાવાદ એરપોર્ટ ખાતે ઉતર્યું હતું અને વડોદરા જવા માટે ટેક્સી કરીને રવાના થયું હતું, તેમ જ રામોલ એક્સપ્રેસ હાઈવે ઉપર પહોંચે તે પહેલા એક પોલીસ કર્મચારી હેડ કોન્સ્ટેબલ ખુમાનસિંહ દાનાભાઈએ તેમની ગાડી અદાણી સર્કલ પાસે રોકી હતી. બાદમાં ગાડીનું ચેકિંગ કરતા વિદેશી શરાબની ચાર બોટલ મળી આવી હતી. ત્યારે હેડ કોન્સ્ટેબલે તેઓ વિરુદ્ધ પોલીસ કાર્યવાહી કરવાની ધમકી આપી વિદેશી દારૂની ત્રણ બોટલ 12 હજાર રૂપિયા રોકડા તથા 400 અમેરિકન ડોલર પણ પડાવી લીધા હતા

આ સમગ્ર બનાવ અંગે મળેલી માહિતીને આધારે અમદાવાદના પોલીસ કમિશનરે સૂચના મુજબ બળદેવ દેસાઈ નાયબ પોલીસ કમિશનર ઝોન પાંચ અમદાવાદનાઓએ જવાબદાર હેડ કોન્સ્ટેબલ રામોલ પોલીસ સ્ટેશનના ખુમાનસિંહ દાનાભાઈના વિરુદ્ધમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે આઈ ડિવિઝન અમદાવાદના મદદનીશ પોલીસ કમિશનર ઈન્કવાયરી સોંપવામાં આવી હતી. આ તપાસમાં હેડ કોન્સ્ટેબલ કસૂરવાર જણાતા ખુમાનસિંહ દાનાભાઈને રામોલ પોલીસ સ્ટેશન અમદાવાદ ખાતેથી રવિવારના રોજ સસ્પેન્ડ કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

**સવારે 03:00 વાગ્યે મંગલા આરતી થશે 7:00 વાગ્યે શૃંગાર આરતી થશે અને આઠ વાગે રાજભોગ આરતી થશે**

# કાલે વિઠ્ઠલનાથજીનો 215મો વરઘોડો નીકળશે, તૈયારીઓ શરૂ

**વરઘોડાની** આરતી 9:00 વાગે, રાત્રે 8:00 વાગે તયન આરતી થશે અને ત્યારબાદ 8થી 11 ભગવાનના શાસ્ત્રોત વિધિથી તુલસી વિવાહ થશે

**સવારના** નવ થી સાંજના પાંચ સુધી પણ મંદિર ભગવાનના દર્શન ખુલ્લા રહેશે





(પ્રતિનિધિ )વડોદરા,તા.11

તારીખ 12 નવેમ્બરના રોજ દેવ ઉઠી અગિયારસ નિમિત્તે શ્રી વિઠ્ઠલનાથજી નો 215 માં વરઘોડો શહેરના રાજમાર્ગો પર નીકળશે. માંડવી ખાતે મંદિરમાં રવિવારથી તૈયારી શરૂ કરી દેવામાં આવી ગઈ છે. ભગવાન પાલકીમાં બિરાજમાન થઈ નીકળશે. પાલકીને શણગારવાની હાલમાં તૈયારી શરૂ થઈ રહી થઈ છે.આ સાથે મંડપની અંદર ભગવાનના તુલસીજી સાથે વિવાહ થવાના છે. તુલસી વિવાહ માટે પણ તૈયારી થઈ રહી છે. સવારે 03:00 વાગ્યે મંગલા આરતી થશે 7:00 વાગ્યે શૃંગાર આરતી થશે અને આઠ વાગે રાજભોગ આરતી થશે અને વરઘોડાની આરતી 9:00 વાગે, રાત્રે 8:00 વાગે તયન આરતી થશે અને ત્યારબાદ 8 થી 11 ભગવાનના શાસ્ત્રોત વિધિથી તુલસી વિવાહ થશે. દર વર્ષે ગાયકવાડ પરિવાર વરઘોડામાં પધારી પૂજન અર્ચન આરતી કરે છે. ત્યારબાદ વરઘોડાને પ્રસ્થાન કરવામાં આવે છે.

આ વર્ષે પણ વર્ષોથી ચાલતી આવતી પરંપરા મુજબ વડોદરાના રાજમહેલમાંથી ગાયકવાડ પરિવારના સભ્યો વરઘોડામાં આવશે અને ભગવાન વિઠ્ઠલનથજીની આરતી કરી પૂજન અર્ચન કરશે. ત્યારબાદ ભગવાન વિઠ્ઠલનાથજીનો ભવ્યાતી ભવ્ય વરઘોડો શહેરના રાજમાર્ગો પર નીકળશે. આ વરઘોડો શહેરના માંડવી નિજ મંદિરેથી નીકળી બપોરે એક કલાકે લીંબુ વાળી ગંગેશ્વર મહાદેવ મંદિર ખાતે પહોંચશે. જ્યાં હરીહરનું મિલન થશે. રાજભોગ આરતી સવારે 8 કલાકે થશે. ત્યાંથી વરઘોડો ઘી કાંટા ટાવર થઈ સાંજે 5:00 વાગ્યે મંદિરમાં પરત આવશે. આ વરઘોડાના સમય દરમિયાન સવારના નવ થી સાંજના પાંચ સુધી પણ મંદિરમાં ભગવાનના દર્શન ખુલ્લા રહેશે.

ટ્રાફિક નિયમોની ઐસી તૈસી

# ટ્રાફિક પોલીસકર્મી ચાલુ બાઈકે મોબાઈલ ફોન પર વાત કરતા વીડિયો વાયરલ

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરામાં છેલ્લા કેટલાક દિવસથી ટ્રાફિક પોલીસ દ્વારા સીટબેલ્ટ હેલ્મેટ અને ટ્રાફિક નિયમોના પાલન અંગે ખાસ ડ્રાઈવ કરવામાં આવી રહી છે. જેમાં નિયમોના ભંગ કરતા વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી પણ કરાતી હોય છે. ત્યારે એક ટ્રાફિક પોલીસ કર્મચારી ચાલુ બાઈક પર ફોન પર વાત કરતા હોવાનો વિડીયો વાયરલ થયો હતો.



માર્ગ સલામતી મામલે ફરી એક વખત કોર્ટના આદેશ અનુસાર ટ્રાફિક પોલીસ વિભાગ દ્વારા ખાસ ડ્રાઈવિંગ શરૂ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસથી વડોદરા શહેરમાં ટ્રાફિક પોલીસ દ્વારા રાજમાર્ગો પર ચાર રસ્તા પર અધિકારીઓ સહિત ટ્રાફિક પોલીસ કર્મચારીઓ દ્વારા ચેકિંગ કરી હેલ્મેટ સીટબેલ્ટ સહિત ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા તપાસ કરવામાં આવી રહી છે અને જે કોઈ નીતિ નિયમોનો ભંગ કરતા જણાઈ આવે તો તેની સામે દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. ત્યારે રવિવારે વડોદરા શહેરના માંજલપુર લક્ષ્મીનારાયણ મંદિરથી અવધૂત ફાટક તરફ જઈ રહેલા માર્ગ ઉપર વર્દીમાં સજ્જ ટ્રાફિક પોલીસ કર્મચારી ચાલુ બાઈક પર ફોન પર વાત કરતા કરતા જઈ રહ્યા હતા. બાઈક પર પેટ્રોલની ટાંકી ઉપર આગળ બેગ પણ મૂકી હતી. આ દરમિયાન તેમનું બેલેન્સ પણ બગડ્યું હતું. જો કે સદનસીબે સ્ટેરીંગ પર કાબુ મેળવી લીધો હતો. નહીં તો આ ટ્રાફિક પોલીસ કર્મચારી ની બાઈક સ્લીપ ખાય જાત, આ તમામ દ્રશ્યો બાજુમાં પસાર થઈ રહેલા એક અન્ય વાહન ચાલેકે પોતાના મોબાઈલમાં કેદ કર્યા હતા અને આ વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. ત્યારે પ્રશ્ન એ ઊભો થાય છે કે નીતિ નિયમો અને કાયદાનો પાઠ ભણાવતી આ ટ્રાફિક પોલીસ કર્મચારી સામે નીતિ નિયમોના ભંગ બદલ કોઈ કાર્યવાહી કરાશે કે કેમ તે સવાલ ઉભો થયો છે.